આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૮-૦૩-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

# મુખ્ય ચુંટણી અધિકારી-પી.ભારતી અનુરોધ

મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું કે, ચૂંટણી પંચ દ્વારા માન્ય કરાયેલા 12 દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજને આધારે મતદાન કરી શકાશે. પરંતુ, આ માટે મતદાર યાદીમાં નામ હોવું જરૂરી છે. તમામ નાગરિકોને મતદાર યાદીમાં પોતાનું નામ ચકાસી લેવા મુખ્ય ચૂંટણી અધિકારીએ અનુરોધ કર્યો છે.

મુખ્ય ચૂંટણી અધિકારીએ વધુમાં જણાવ્યું કે નવા ઓળખકાર્ડ- એપિક કાર્ડ માટે અરજી કરનારા મતદારોને સમયસર એપિક કાર્ડ મળી જાય તેની પૂરતી વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે ,તેમજ કોઈપણ મતદારને મત આપવા માટે સમસ્યા ન સર્જાય તે માટે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિર્દેશો આપી દેવામાં આવ્યા છે.

**આદર્શ આચારસંહિતાના ભાગ રૂપે** અત્યાર સુધીમાં સમગ્ર સરકારી મિલકતો પરથી કુલ 1 લાખ 60 હજાર 718 તથા ખાનગી મિલકતો પરથી કુલ 58 હજાર 697 રાજકીય પ્રચાર અર્થેના પોસ્ટર-બેનરો તથા પ્રચાર-પ્રસાર સંબંધી જાહેરાતો દૂર કરવામાં આવી છે.

રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે નક્કી કરવામાં આવેલી ખર્ચ મર્યાદા જળવાઈ રહે તે માટે ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં 756 ફ્લાઈંગ સ્કવોર્ડ્સ કાર્યરત કરવામાં આવી છે, જે દ્વારા અત્યાર સુધીમાં **રાજ્યભરમાંથી રોકડ, દારૂ, સોનું-ચાંદી અને ચરસ સહિતની 42 કરોડ 62 લાખની વસ્તુઓની અટકાયત કરવામાં આવી છે .**

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## સી-વિજીલ એપ દ્વારા કરાયેલી કાર્યવાહી

ચૂંટણી પંચે રાજ્યના તમામ રાજકીય પક્ષો સાથે બેઠક યોજીને આદર્શ આચારસંહિતાના કડક પાલન માટે માર્ગદર્શિકા આપી છે. ચૂંટણી સંબંધિત કોઈપણ ફરિયાદના નિવારણ માટે ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં કંટ્રોલરૂમ પણ શરૂ કરવામાં આવ્યો છે. ચૂંટણી ખર્ચ પર નજર રાખવા અને નિયંત્રણ કરવા માટે રાજ્યભરમાં ફ્લાઈંગ સ્કવોડ પણ તૈનાત કરવામાં આવી છે. વધુને વધુ લોકો ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લે અને ખાસ કરીને યુવા મતદારો મોટી સંખ્યામાં મતદાન કરે તે માટે ચૂંટણી પંચ દ્વારા વ્યાપક જનજાગૃતિના કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે. ગીરના જંગલ જેવા અંતરિયાળ વિસ્તારો કે આલિયા બેટ, શિયાળ બેટ જેવા પાણીથી ઘેરાયેલા વિસ્તારોમાં પણ મતદારો માટે ખાસ મતદાન મથકો ઉભા કરવામાં આવી રહ્યા છે.

**(RNU અમદાવાદ)**

---

## PWD-ઓબ્ઝર્વર બે દિવસની જીલ્લાની મુલાકાતે

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ના સંદર્ભે Monitoring and Assessment of the facilities for Pwd માટે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગુજરાત રાજ્ય દ્વારા નિયુક્ત પી.ડબલ્યુ.ડી ઓબ્ઝર્વર આર.બી.બારડ બે દિવસ કચ્છ જિલ્લાની મુલાકાતે છે. તેઓએ PwD મતદારોની સુવિધાઓની સમીક્ષા અંગે માહિતી મેળવીને લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ના સુચારૂ આયોજન માટે સૂચન કર્યું હતું.

આ ઉપરાંત એક બેઠકમાં પી.ડબલ્યુડીને લગતી સવલતો, હોમ વોટીંગ વગેરે બાબતની ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં કચ્છ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમિત અરોરા દ્વારા આયોજન અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

**(માહિતી ખાતુ)**

---

## લોકસભા ચુંટણી સમયે મતદાન મથકો પર આરોગ્યની ટીમ તૈનાત

લોકસભા ચૂંટણી આકરા ઉનાળાના દિવસોમાં યોજાવા જઈ રહી છે, ત્યારે આ મહત્ત્વની બાબતને ધ્યાને લઈ જીલ્લાના આરોગ્ય વિભાગની ટીમોને દરેક મતદાન મથક પર તૈનાત રાખવામાં આવશે. જરૂર જણાય ત્યાં એમ્બ્યુલન્સ સહિતની સુવિધા પણ ઉપલબ્ધ રાખવામાં આવશે. આ વખતે ઉનાળો આકરો રહેવાના હવામાન વિભાગે કરેલા વર્તારા વચ્ચે ગરમી અને લૂની સંભવિત સ્થિતિને ધ્યાને લઈ જન સ્વાસ્થ્યની સ્થિતિ કથળે નહીં તે બાબત પર ખાસ ધ્યાન કેન્દ્રીત કરાયું છે. જિલ્લામાં આવેલાં તમામ મતદાન મથકમાં પ્રાથમિક સારવાર માટેની કિટ રાખવામાં આવશે, તેની સાથે આરોગ્યની એક ટીમને પણ તૈનાત રાખવામાં આવશે. આ ઉપરાંત તમામ મતદાન મથકમાં પીવાના પાણી, યોગ્ય પ્રકારનો છાંયડો મળી રહે એ માટે શેડ સહિતની સુવિધા ઊભી કરવા સહિતનું આયોજન ઘડી કાઢવા માટેની માર્ગદર્શિકા પણ તૈયાર કરવામાં આવી છે.

**(NP/કલ્પના શાહ)**

-------------------------------------------------------------------------------

## સ્પેશ્યલ ટ્રેનોના ફેરા વધારાયા

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગને ધ્યાનમાં રાખીને સ્પેશિયલ ટ્રેનોના ફેરા વધારવામાં આવ્યા છે.

જેમાં ગાંધીનગર - ભુજ સ્પેશિયલ ટ્રેન અને ભૂજ-ગાંધીનગર સ્પેશિયલ ટ્રેનને 30 જૂન 2024, સુધી વધારવામા આવી છે.

બાન્દ્રા ટર્મિનસ-ગાંધીધામ અને ગાંધીધામ-બાન્દ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને 27 જૂન, 2024 સુધી વધારવામાં આવી છે.

આ તમામ ટ્રેનોનું બુકીંગ આજથી પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે.

**(RNU અમદાવાદ)**

---

## જ્ઞાન સાધના સ્કોલશીપ પરીક્ષા

રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર કોમન એન્ટ્રસ ટેસ્ટ અને મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા 30 મી માર્ચના યોજાશે. પરીક્ષા દરમિયાન કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામીતીની વ્યવસ્થા ગોઠવવામાં માટે પ્રતિબંધાત્મક હુકમો જારી કરાયા છે.

**(માહિતી ખાતુ)**

---

## ક્રિકેટ-IPL

સન રાઇઝર હૈદરાબાદની ટીમે મુંબઈ ઇન્ડિયન્સ ટીમને 31 રન થી હરાવી વિજયની પરંપરા જાળવી રાખી છે. હૈદરાબાદ ખાતેની મેચમાં હૈદરાબાદ ટીમે આઇ.પી.એલનો સહુથી મોટો સ્કોર કર્યો હતો. આ ટીમે 3 વિકેટ ગુમાવી 277 રન કર્યા હતા. મુંબઈની ટીમ 5 વિકેટ ગુમાવી 246 રન કરી શકી હતી.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---